<u>આમોદના મહે.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–આમોદ.</u>

ફોજદારી કેસ નં. ૧૧૯/૨૦૨૬

આંક –

ફરીયાદી:– **સરકારશ્રી,**

વિરૂદ્ધ

આરોપી :– **શંકરભાઈ સોમાભાઈ સલાટ**

રહે. અડવાલા ગામ, તા. આમોદ, જી. ભરૂચ.

ગુનો ઃ– પ્રોહીબીશન એક્ટની કલમ – ૬૫(એ)(એ) મુજબ...

<u>–– ઠરાવ ––</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપી તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ પોતાના ઘરના પાછળના ભાગે વાડામાં એક પ્લાસ્ટીકના કેનમાં ગેરકાયદેસર રીતનો અને વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર–૦૩, કિંમત રૂ. ૬૦૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ જઈ, પોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ ગુન્હો કરેલ. જેથી આમોદ પો.સ્ટેશન માં આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે મુજબના ગુન્હાનું ચાર્જશીટ ત.ફ.અમલદાર દ્વારા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ આરોપી સામે આંક–૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીનું આંક–૦૪ થી નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર

કરેલ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ કરાયેલ લેખિત અને મૌખિક પુરાવાને ધ્યાને લેતાં, આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબનું નિવેદન નોંધવું અત્રેની કોર્ટને જરૂરી નહી લાગતા, આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. વળી, સદર નિવેદન ન લેવાથી આરોપીના અધિકારને કોઈ પ્રેજયુડાઈશ થાય તેમ કોર્ટને જણાતું નથી.

(૪) આ કામમાં ફરીયાદ પક્ષ તર્ફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક તેમજ દસ્તોવજી પુરાવા</u>		
અનુ. નં.	**વિગત**	**આંક**
૧.	ત.ક. અમલદાર અ.હે.કો. સંજયભાઇ તેજાભાઇ નાઓની જુબાની	૦૫
૨.	ફરીયાદ	૦૬

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દા</u>

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ પોતાના ઘરના પાછળના ભાગે વાડામાં એક પ્લાસ્ટીકના કેનમાં ગેરકાયદેસર રીતનો અને વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર–૦૩, કિંમત રૂ. ૬૦૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખી પકડાઈ જઈ, પોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(રવિકુમાર આર.પરમાર)
જયુડી. મેજી. ફ.ક., આમોદ.

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

<u>--કારણો --</u>

(૭) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે આંક-૦૫ થી ત.ક. અમલદાર અ.હે.કો. સંજયભાઇ તેજાભાઇ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેમણે સદર કામે કરેલ તપાસ અને થયેલ ગુના અંગે જુબાની આપેલી છે. વળી, તેઓ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, સદર કામે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી અને સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.

(૮) વળી, રજુ થયેલ પુરાવો જોતાં નામદાર કોર્ટને સદર કામે અન્ય કોઇ વધુ સાક્ષી તપાસવાથી ફળદાયી પરિણામ આવે તેવુ જણાઇ આવેલ નહી. જેથી નામદાર કોર્ટનો સમય વેડફાય નહી અને સદર કામે ઝડપી નિકાલ આવે તે હેતુથી અન્ય કોઇ સાક્ષીને તપાસેલા નથી.

(૯) આમ, સદર કામે ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ, પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે પ્રમાણિત ટેસ્ટીંગ લેબોરેટરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી ? તે અંગેનો કોઇ રીપોર્ટ ફરીયાદપક્ષ દ્વારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. જેથી પકડાયેલ પ્રવાહી નશાકારક હતુ કે નહી તે પણ ચોક્કસ પણે માની ન શકાય, સદર કામે તમામ સાહેદો પોલીસ સાહેદો છે. જેથી ફક્ત તેઓના નિવેદનોને ધ્યાને લઇ સદર કામના આરોપીને સદર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતુ નથી. આમ, ફરીયાદ પક્ષ હાલના આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ ગુન્હો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ

ગયેલ હોય, જેથી **મુદ્દા નં. ૦૧** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નં. ૦૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

//આખરી હુકમ//

(૧) આ કામના આરોપીને પ્રોહિબીશન એકટ કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અને જો સદર જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતા ન હોય, તો તેઓ અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

(૩) મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૮ મી, માહે એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬
સ્થળઃ આમોદ

(રવિકુમાર આર. પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક.
આમોદ.
જજ કોડ–જી.જે. ૦૧૬૦૩

(રવિકુમાર આર.પરમાર)
જ્યુડી. મેજી. ફ.ક., આમોદ.